BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

આ શહેરમાં બ્રેમ્પટન ટ્રાન્ઝિટ, ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસમાં નોકરીની તકો દર્શાવતા કેરિયર (કારકિર્દી) એક્સ્પોનું આયોજન થશે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ફેબ્રુઆરી 7, 2020) – બ્રેમ્પટન ટ્રાન્ઝિટ અને ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસમાં કારકિર્દીઓ વિશે જાણવાની અજોડ તક માટે મંગળવાર, ફેબ્રુઆરી 25 નાં રોજ બપોરે 3 થી રાત્રે 8 વાગ્યા વચ્ચે Chris Gibson Recreation Centre (ક્રિસ ગિબ્સન રિક્રિએશન સેન્ટર)માં સીટી ઓફ બ્રેમ્પટનના કર્મચારીઓ સાથે જોડાશો.

બસ ચલાવવી અને અગ્નિશમન કામગીરી કરવી એ આ વિભાગોમાં શ્રેષ્ઠ જાણીતી ભૂમિકાઓ હોઈ શકે, પરંતુ આ ટીમો બનાવતા શ્રેણીબદ્ધ મહત્વના પદો પણ હોય છે. આ શહેર મિકેનિક્સ, ફોરપર્સન્સ (જેમ કે ફોરમેન) અને એડમિનિસ્ટ્રેટર્સને નોકરી આપે છે. ભૂમિકાઓ ઈન્ફર્મેશન ટેકનોલોજી, મૅપિંગ, ગ્રાહક સેવા, જાહેર શિક્ષણ અને ઘણાં ક્ષેત્રોમાં ભજવવાની હોય છે.

આ શહેરના કેરિયર એક્સ્પોમાં નીચેની બાબતો માટે હાજર રહો:

- ટ્રાન્ઝિટ અને ફાયર વિભાગમાં કારકિર્દીના માર્ગો અને વિકાસની તકો વિશે જાણો
- હાલમાં આ ટીમોનો ભાગ હોય તેવા કર્મચારીઓના કથનો સાંભળો
- તમારી જાતને શ્રેષ્ઠ રીતે આગળ લાવવામાં મદદ મેળવવા મફત રિઝ્યુમ ક્લિનિકમાં સહભાગી થાવ – તમારું રિઝ્યુમ લાવો અને શહેરના નિષ્ણાતો તમારી સાથે તેની સમીક્ષા કરશે

ઉત્કૃષ્ટ સેવાઓ આપવાની શરૂઆત પ્રેરિત, જોશીલી ટીમથી થાય છે. આ આયોજન આપણાં શહેર માટે નવું છે અને ટીમ કારકિર્દીની તકો વિશે જાગરૂકતા વધારવામાં રોમાંચ અનુભવે છે. આપણું શહેર એક્સ્પો દરમિયાન રિઝ્યુમ્સ સ્વીકારવામાં અક્ષમ છે ત્યારે, કર્મચારીગણ નોકરી શોધનારાઓને લાયકાતો અને નોકરીએ રાખવાની પ્રક્રિયા વિશે માહિતી પૂરી પાડશે.

Chris Gibson Recreation Centre (ક્રિસ ગિબ્સન રિક્રિએશન સેન્ટર) અહીં સ્થિત છેઃ 125 McLaughlin Road (મૅકલાફ્લિન રોડ), Williams Parkway (વિલિયમ્સ પાર્કવે) અને Queen Street (ક્વીન સ્ટ્રીટ) વચ્ચે.

ઝડપી હકીકતો

- જાન્યુઆરી 2020 માં, સીટી ઓફ બ્રેમ્પટનને ફોર્બ્સ દ્વારા કેનેડામાં 300 ટોચના એમ્પ્લોયર્સની યાદી મુજબ, વર્ષ 2020 માટે કેનેડાના શ્રેષ્ઠ એમ્પ્લોયર્સ પૈકી એક તરીકે ઓળખ મળી. યાદી પર ટોચની 50 સંસ્થાઓમાં માત્ર બે ગવર્મેન્ટ સર્વિસ સંસ્થાઓમાંથી એકમાં આ શહેર હતું.
- નવેમ્બર 2019 માં, સીટી ઓફ બ્રેમ્પટને પંચવર્ષીય વર્કપ્લેસ ડાઈવર્સિટી એન્ડ ઈન્ક્લુઝન સ્ટ્રેટેજી એન્ડ વર્ક પ્લાન (કાર્યસ્થળે વિવિધતા અને સમાવેશ વ્યૂહરચના અને કાર્ય યોજના) બનાવી. તે બહુ સર્વગ્રાહી સંસ્થાગત સંસ્કૃતિને પોષવાની તકો નિર્ધારિત કરે છે જે તેના લોકોને પ્રવૃત્તમય બનાવે, લોકોનો વિકાસ કરે અને લોકો સાથે ઉજવણી કરે, અને આ રીતે વૈવિધ્યસભર કાર્યબળને આકર્ષે.

અવતરણો (ક્વોટ્સ):

"એક સુસંચાલિત શહેરમાં સમાવેશ થાય છે આધુનિક, વૈવિધ્યસભર અને સમાવેશ કાર્યબળનો – શહેરના નવી પંચવર્ષીય વર્કપ્લેસ ડાઈવર્સિટી એન્ડ ઈન્ક્લુઝન સ્ટ્રેટેજી (કાર્યસ્થળે વિવિધતા અને સમાવેશ વ્યૂહરચના)ના મહત્વનો ભાગનો. સાથે મળીને, આપણે સીટી ઓફ બ્રેમ્પટન જેને સેવા આપે છે તે સમુદાયનું વૈવિધ્ય કાર્યબળ પ્રતિબિંબ વધારી રહ્યાં છીએ."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

"અમારી ટીમ આપણાં રહેવાસીઓ માટે પરિણામો આપવાનું ચાલુ રાખવા ઉત્સાહિત છે. આપણાં સમુદાયને પ્રતિબિંબિત કરે અને આપણાં મૂલ્યો વહેંચે તેવા લોકોને આકર્ષવાથી એવું કામકાજી વાતાવરણ ઊભું થાય છે જ્યાં શહેરના કર્મચારીઓ સમૃદ્ધ થાય. જો તમને બ્રેમ્પટન માટે તફાવત ઊભો કરવા ચલિત કરવામાં આવે તો, હું ટ્રાન્ઝિટ કે ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસમાં રોમાંચક કારકિર્દીઓ વિશે માહિતી મેળવવા અમારા સૌ પ્રથમ કેરિયર એક્સ્પોમાં હાજર રહેવા તમને પ્રોત્સાહિત કરું છું."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

-30-

કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રેમ્પટનમાં 650,000 લોકો વસે છે અને તેમાં 70,000 વ્યવસાયો છે. અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્ટ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

મિડિયા સંપર્ક :
મોનિકા દુગ્ગલ
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca